# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૦૬ • તા.૨૦ એપ્રિલ થી ૨૬ એપ્રિલ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



## શ્રી છતીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા

# શ્રી ધણી બાબા અને ભલારાદાદાના સમૂહ પહેડી, પાઠ થયા



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જિંદગીને ચાહો ને માણો

આપણી જિંદગી ભગવાનની શ્રેષ્ઠ અને અમૂલ્ય ભેટ છે. તેને આનંદપૂર્વક માણીને પસાર કરવી જોઈએ. મળેલી એક એક પળને ખુશી ખુશીથી જીવી ભગવાને આપણને આપેલી આ જિંદગીને બદલે રિર્ટન ગિફ્ટ આપવી દેવી જોઈએ. જન્મથી મૃત્યુ પર્યંતની પળે પળ જે આપણે વ્યતીત કરીએ છીએ તેની પાછળનો આશય તો જીવનનો આનંદ માણવાનો છે. તે સારી રીતે વ્યતીત થાય, યાદગાર થાય એજ સાચી ખુશી છે. આનંદ અને કિલ્લોલ નાદથી ઈશ્વરની મળેલ ભેટ એટલે કે આપણું જીવન હસી ખુશીના માહોલમાં વીતે એ નસીબદાર કહેવાય છે અને એ આપણે થઈને રહીએ. જીવનની નાની નાની પળો મોજથી માણીએ, હસી હસીને માણીએ કે જિંદગી પણ આપણી પર આફરીન થઈ જાય અને સંકટ, આપદા તથા અઘટિત પળો આપવા માટે આપણને બાકાત કરી દે.

ભાગદોડ ભરી જિંદગીમાં બે ચાર પળ સ્વ માટે કાઢવી જરૂરી છે. જિંદગીની ઝડપી ગતિને અટકાવી કેટલીક પળો સ્વાનંદ માટે માણીએ તો એની મોજ અવર્ણનીય આવવાની પોતાની શોખને નવજીવન આપી કંઈ નવું કંઈ લાભપ્રદ બનાવીએ. અન્યોની ઈચ્છાઓની ખેવના સતત કરતા રહેવા કરતા પોતાના અંતરના અવાજની કાળજી કરીએ, દરકાર કરીએ તો જીવવાનો આનંદ અઢળક મળવાનો.

રાત દિવસ સતત કામમાં ખૂંપેલા રહેવાથી અને ગમે તેવું મુશ્કેલ કાર્ય હશે પણ તેને હું પાર પાડીશ એવો દ્રઢ નિશ્ચ કરવા પછી કામ નિપટાવાનો આનંદ અગણિત મળશે. સદૈવ મનની ગમતી ક્રિયા, કર્મ કરવાથી, પ્રવૃત્તિમાં રત રહેવાથી આપણી અંદર રહેલ કળા, હુન્નરને ઉતેજન મળે છે તેને જીવંત કરવાનો માહોલ મળે છે. મુશ્કેલીઓ આવે તેની સામે હાથ અને હાલ મૂકી દેવાથી માત્ર હતાશા મળવાની છે. ગમે તેટલી મુશ્કેલીઓ આવે પરંતુ માનવી મુશ્કેલીમાં અડીખમ, અડગ અને હિંમતભેર રહે તો સાચા હીરાની જેમ ચમકી ઉઠે છે.

જીવનની મુશ્કેલીઓની ક્યારેય ફરિયાદ ન કરવી. કારણ કે મોટું કાર્ય કુદરત જેની ઉપર અતૂટ ભરોસો હોય એની હસ્તક સોંપે છે. દુઃખ દર્દ આવવા એનાથી નાસીપાસ થવાની જરૂર નથી કરાણ કે કેટલી સમસ્યાઓ આપણા ધૈર્યની, હિંમતની અને આંતરિક શક્તિની ધાર કાઢવા, એની અજમાયશ કરવા જ આવતી હોય છે. જીવનના દુઃખો તો અનેક હોય છે પણ તેને ટાળવાના, તેને હટાવવાના રસ્તાઓ અઢળક હોય છે. જરૂર હોય છે હિંમત રાખી તેને શોધવાની આ રસ્તો તેને મળે છે જે તેને શોધવાનું કષ્ટ કરે છે.

જીવનનો આનંદ જિંદગીને માણીને લેવાનો છે. નહીં કે તેનો તણાવ મન પર લઈને. જિંદગીને ચાહતા હશું તો તણાવ આપોઆપ હટી જશે, દૂર થઈ જશે. માટે જિંદગીને ભરપૂર ચાહો અને એ રીતે એને માણો કે જાણે દરેક દિવસ આયુષ્યનો છેલ્લો દિવસ છે.

-જય જ્ઞાતિમૈયા

# કરોળિયા કર્મથી મળે સફળતા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં સફળતા મળતી રહે એવી સૌને તમન્ના હોય છે. સફળતાથી પ્રગતિની સીડી પ્રાપ્ત થાય છે. દરેકે દરેક પોતાના જીવનમાં સફળ થવાનો ખાસ પ્રયત્ન કરે છે. સફળતા માટે કોઈપણ ખાસ સમયની રાહ ન જોવાય પણ જે સમય આવે તેને ખાસ બનાવી લેવાય. સતત પ્રયત્નશીલ રહેતા કરોળિયાની ધગશ જોઈને કવિ દલપતરામ એ લખ્યું છે કે **'કરતા જાળ કરોળિયો ભોંય પડી પછડાય, વણ તૂટેલે તાંતણે, ઉપર ચડવા જાય. મેનત તેણે શરૂ કરી, ઉપર ચડવા માટે, પણ પાછો હેઠે પડ્યો, ફાવ્યો નહિં કો ઘાટ...** અંતે છેલ્લે લખ્યું કે **'એ રીતે જો માણસો રાખી મનમાં ખંત, આળસ તજી, મેં નત કરે પામે લાભ અનંત.'** આ પંક્તિઓ પરિશ્રમ કરોળિયાના ઉદાહરણથી આપણને કવિ બોધ આપે છે કે નાની મોટી નિષ્ફળતાઓથી વિચલિત થયા વગર સતત જાળ ગૂંથવા માટે પ્રયત્નશીલ રહેતા કરોળિયાની જેમ સતત પ્રયત્ન કરો અને અંતે સફળતાને વરો.

એટલું ખરું છે કે સફળતા સુધી પહોંચવા માટેના સીડીનું પ્રત્યેક પગલું અડચણોથી ભરેલું છે. વિકટ મારગને સરળ બનાવવા માટે આપણું ધ્યેય એકનિષ્ઠ હોવું જોઈએ. મારગમાં આવતી અડચણોને દૂર હટાવવા માટે હમેંશા તૈયાર રહેવું જોઈએ. જીવનમાં નડતી અડચણો હટતી જશે તેમ તેમ સફળતાના શિખરનો રસ્તો સાફ દ્રષ્ટિ ગોચર થતો જશે. આપણી પણ નજર માંડીને બેઠેલાઓને એ સ્પષ્ટ સંદેશ આપવો જોઈએ કે, 'ઠોકરો લાગવાથી પડી જાઉં છું એટલે માની ના લેશો કે હું નિષ્ફળ છું, પણ ફરી ઊભો થઈ શકું એટલો સફળ છું. સંકલ્પ બધ્ધ છું.'

સફળતા ફક્ત તેને જ મળે છે. જે તેના માટે લાયક છે. સફળતાના સપનાને સાકાર કરવા માટે સખત મહેનત કરવાની અને આપણા સમયનો સદપયોગ કરવાની જરૂર છે. સમયની એક એક પળ જમા પૂંજી, સંપતિ છે. જે ફોકટની વ્યય થવી ન જોઈએ. એટલે જ સફળતા હાંસિલ કરવા સંકલ્પ બધ્ધ વ્યક્તિ તેને માટે સખત મહેનત કરે છે. એટલું હૈયે ગાંઠ બાંધી લેજો કે નિષ્ફળતા પણ સફળતાનો જ એક ભાગ છે. આપણને ક્યારે મળતી આપણી નિષ્ફળતાથી નિરાશ થવાની જરૂરી નથી પણ નિષ્ફળતામાંથી શીખવાની તેમાંથી બોધપાઠ લેવાની જરૂરત છે. હરીફને યેનકેન પ્રકારે, અનુચિત વ્યવહાર કરીને નીચા પાડીએ એ સફળતા નથી પણ સામેવાળી વ્યક્તિને સન્માન આપી જીતી લઈએ એ ખરી સફળતા છે.

આદર્શ જીવનમાં એક ધ્યેય હોવું જોઈએ. લક્ષ્ય વિનાના જીવનનું કોઈ મૂલ્ય નથી. ધ્યેય રાખવાથી અને એ ધ્યેય પર ધ્યાન કેન્દ્રિત કરવાથી અને તેને પૂર્ણ કરવા વિશે સતત વિચારવાથી મદદ મળે છે. સફળતા કોઈ પણ શોર્ટકટથી મળતી નથી અને મળે છે એ ટકતી નથી. શાશ્વત સફળતા મેળવવા માટે ઘણી મહેનત અખૂટ સમર્પણ અને પ્રેરક ધ્યેય હોવું જરૂરી છે. સફળતા અને નિષ્ફળતા આપણા વિચાર ઉપર નિર્ભર છે. હથિયાર ટેકવી દઈએ તો નિષ્ફળતા હથિયાર ઉગામીએ તો સફળતા.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49%
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT


www.arihantbank.com @ Arihant Bank

KDO

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી ધણી બાબા અને ભલારાદાદાના સમૂહ પહેડી, પાઠ થયા







શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દર વર્ષે પ્રમાણે આ વર્ષે પણ શ્રી ધણીબાબા રામદેવ પીર અને શ્રી ભલારાદાદાની સામૂહિક પહેડીનું આયોજન રવિવાર, તા.૧૪-૪-૨૦૨૪ના શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધ લક્ષી હૉલમાં રાખવામાં આવેલ.

આ અવસરે ભુવા શ્રી ભરત ભવાનજી લોડાયા (શ્રી ભલારાદાદા) મોટી સિંધોડી-મુલુંડ, ભુવા શ્રી ચિમનલાલ લઘુભાઈ લોડાયા (શ્રી ખેતરપાલ દાદા) મોટી સિંધોડી-મુલુંડ અને શ્રી ધણીબાબા રામદેવપીરનું પાઠ માંઢનાર શ્રી સોમચંદ વિશનજી નાગડા (રાપર ગઢવાલી-ડોંબિવલી) વિશેષ રૂપે પધારેલ.

સર્વપ્રથમ કળશ સ્થાપના બાદ શ્રી ધણીબાબા રામદેવપીરની છબી સ્થાપના-માલ્યાપર્ણ લાભાર્થી માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર), શ્રી ધણીબાબાનું ચાંદીનું છત્ર અર્પણ લાભાર્થી સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર (જખૌ-રાયપુર), શ્રી ભલારાદાદાની છબી સ્થાપના માલ્યાપર્ણ લાભાર્થી માતુશ્રી મલ્યાબેન જવેરચંદ



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી ધણી બાબા અને ભલારાદાદાના સમૂહ પહેડી, પાઠ થયા





છેડા પરિવાર, શ્રી ભલારાદાદાને ચાંદીનું છત્ર અર્પણ લાભાર્થી અ.સૌ.જયશ્રીબેન સૂર્યકાંત મૈશેરી પરિવાર, શ્રી ધણીબાબા રામદેવપીરની પહેડી પ્રસાદ ચઢવો લાભાર્થી અ.સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર, શ્રી ભલારાદાદાની પહેડી ચઢાવો લાભાર્થી સ્વ.સૌ.હંસાબેન ખીમજીભાઈ મોતા (વારાપધ્ધર ભાટાપારા) શ્રી ધણીબાબાની આરતીના લાભાર્થી







# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી ધણી બાબા અને ભલારાદાદાના સમૂહ પહેડી, પાઠ થયા





માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર, શ્રી ભલારાદાદાની આરતીના લાભાર્થી માતુશ્રી જયાબેન રતીલાલ કેશવજી શાહ પરિવાર (જખૌ-રાયપુર) હતા. સંપૂર્ણ કાર્યક્રમનું સંગીતમય ભક્તિ શ્રીમતી શીતલબેન વ્યાસ અને મંડળીને સારી રમઝટ જમાવેલ. રાયપુર, ધમતરી, ભાટાપારા, ભિલાઈના ભાવિકોને બોહરી સંખ્યામાં પધારીને આયોજનને સફળ બનાવેલ.

સામૂહિક પહેડી સંપૂર્ણ કાર્યક્રમની વ્યવસ્થા માટે વિશેષ રૂપે શ્રી જિનેશ ગિરીશભાઈ શાહ, શ્રી ભરત નારાયણજીભાઈ મૈશેરી, શ્રી નિતેશ કરમશીભાઈ મૈશેરી, શ્રી નિતેશ શશીકાંત શાહ, શ્રી મિલન ઉત્તમચંદ મૈશેરીના સહયોગ બદલ ખૂબ ખૂબ અનુમોદના. મહાજન દ્વારા મુંબઈથી વિશેષ રૂપે પધારેલ ભુવાશ્રી ભરત ભવાનજી લોડાયા, ભુવાશ્રી ચિમનલાલ લધુભાઈ લોડાયા, શ્રી સોમચંદ વિશનજી નાગડાનું શાલ-શ્રીફલ સાથે બહુમાન કરવામાં આવેલ. સર્વે જ્ઞાતિ સર્વે જ્ઞાતિજનોએ કરતલ ધ્વનિથી બહુમાન કરેલ ભાઈઓને વધાવ્યાં અને મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદભાઈ છેડાએ એમનું ખૂબ



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી ધણી બાબા અને ભલારાદાદાના સમૂહ પહેડી, પાઠ થયા









ખૂબ આભાર માનેલ. ત્યારબાદ સર્વેએ પહેડી પ્રસાદ ભોજન બાદ બપોરે ૩ વાગે થી શ્રી કુંથુનાથ મહિલા મંડળ, રાયપુર દ્વારા ભગવાન મહાવીર જન્મકલ્યાણ મહોત્સવ પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ મોક્ષની સીઢી કાર્યક્રમનું ખૂબજ સુંદર આયોજન કરવામાં આવેલ.

આ સામૂહિક પહેડીના મુખ્ય લાભાર્થી સૌ.મમતા દિનેશ ટોકરશી લોડાયા પરિવાર હતા. ત્યારબાદ સાંજે ૬.૩૦ વાગે થી શ્રી ઘણીબાબા રામદેવપીરનું પાઠ માંડનાર શ્રી સોમચંદ વિશનજી નાગડાના સાનિધ્યમાં પાઠ કરવામાં આવેલ અને ભુવાશ્રી ભરત ભવાનજી લોડાયાના સાનિધ્યમાં શ્રી ભલારાદાદાનું પાઠ રાખવામાં આવેલ. બાદ પ્રસાદ (ભોજન)ને ન્યાય



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી ધણી બાબા અને ભલારાદાદાના સમૂહ પહેડી, પાઠ થયા


















# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી ધણી બાબા અને ભલારાદાદાના સમૂહ પહેડી, પાઠ થયા















જૈન તીર્થોના ભક્તિસભર યાત્રા પ્રવાસ ક્ષેત્રે 1995 થી ગુંજતુ ને ગાજતું એક માત્ર નામ

# 'સાવલા N લોડાયા' ટુર

185 થી અધિક "શીખરજી" ની
હજારો યાત્રિકો અને
1500 થી અધિક દીક્ષાર્થીઓને
ભક્તિસભર યાત્રા કરનાર/કરાવનાર
સમસ્ત જૈન સમાજની એક માત્ર ટુર

વિધિ સહીત, સમજણ સાથે તીર્થોનું
ઐતિહાસિક મહત્ત્વ સમજાવી યાદગાર
યાત્રા કરાવનાર ટુર

ભક્તિ સાથે ઉત્કૃષ્ટ આયોજન...જાત દેખરેખ...
વિશિષ્ટ સાર સંભાળ ટુરની આગવી ઓળખ

આત્મીયતાપૂર્ણ - ભક્તિપૂર્ણ -
વ્યવસ્થાપૂર્ણ આયોજને
કચ્છી - વાગડ - રાજસ્થાની/
ગુજરાતી યાત્રિકોમાં લોકપ્રિય ટુર

ઉત્તર પ્રદેશની "66"
કલ્યાણક ભૂમિઓ
વારાણસી, અયોધ્યા, હસ્તિનાપુર,
કૌશાંબી, પુરીમતાલ, શ્રાવસ્તી,
કંપીલા, શૌર્યપુરી

શીખરજી મહાયાત્રા
સંપૂર્ણ પંચતીર્થી સાથે
ચંપાપુરી, કાકંદી, વારાણસી,
ભદ્રીલપુર, મીથિલા સાથે /સિવાય

પંજાબના તીર્થો સહ
કાંગડા તીર્થ
સરહીંદ, અમૃતસર,મણીલક્ષ્મી, લુધીયાણા
સમાના, હોશિયારપુર સહ કાંગડા

સહુ ચાલો કલ્યાણક ભૂમિઓ જુહારીએ...જીવનમાં એકવાર
આપણા તારક તીર્થંકરોની ચ્યવન-જન્મ-દીક્ષા-
કેવલજ્ઞાન-મોક્ષભૂમિઓને અવશ્ય જુહારીએ...

સંઘ-મહાજન-
મંડળ-પારિવારીક ગ્રુપો
આપના માટે વિશેષ
આયોજન વિશેષ બજેટમાં


**SAVLA N LODAYA TOUR**
**98205 65261 / 70214 38593**

યાત્રાઓ વારંવાર
નથી થતી એટલે યાત્રા
તો શ્રેષ્ઠ ટુરના
સથવારે વિધિ
સહીત સમજણ
સાથેની યાત્રા કરો

BINITA MARU - 9869034162

# અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો સંભવિત વિહાર કાર્યક્રમ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો સંભવિત વિહાર કાર્યક્રમ મુજબ તા.૨૦ એપ્રિલ શનિવારે જીરાવલ્લા ધામ, સાંજે મહાલક્ષ્મી પંપ, તા.૨૧ એપ્રિલ રવિવાર છેડા વેફર્સ વાડા સાંજે કુરુષ, તા.૨૨ એપ્રિલ સોમવારે ભીંવડી સાંજે કલ્યાણ, તા.૨૩ એપ્રિલ મંગળવારે ડોંબિવલી સાંજે ગુણ વિહારધામ, તા.૨૪ એપ્રિલ બુધવાર તથા તા.૨૫ એપ્રિલ ગુરૂવાર વાશી, નવી મુંબઈ, તા.૨૬ એપ્રિલ શુક્રવાર વાશી નવી મુંબઈ શિલાન્યાસ, સાંજે મુલુંડ, તા.૨૭ એપ્રિલ શનિવારના બોરીવલી ઈસ્ટ,સાંજે દહીંસર પૂર્વ, તા.૨૮ એપ્રિલ રવિવાર દહીંસર પૂર્વ પ્રતિષ્ઠા, તા.૨૯ એપ્રિલ સોમવાર બોરીવલી વેસ્ટ, તા.૩૦ એપ્રિલ મંગળવાર બોરીવલી ઈસ્ટ વલ્લભજીભાઈ મૂળજી દેઢિયા નિવાસે પૂજન, તા.૧લી મે બુધવાર કાંદિવલી વેસ્ટ સંઘ, તા.૨ મે ગુરૂવાર કાંદિવલી વેસ્ટ ટોકરશીભાઈ સાવલા નિવાસે, તા.૩ મે શુક્રવાર ગોરેગામ વેસ્ટ દિક્ષા પ્રસંગે પ્રવેશ મુમુક્ષુ નમયતાબેન દિક્ષા, તા.૪મે શનિવાર ગોરેગામ વેસ્ટ દિક્ષા પ્રસંગ, તા.૫મે રવિવાર ગોરેગામ વેસ્ટ દિક્ષા પ્રસંગે, સાંજે શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ આયોજિત સમગ્ર અચલગચ્છ જૈન સંઘો, મહાજનોનો સ્નેહમિલન, તા.૮,૯ તથા ૧૦ એપ્રિલ વર્ષીતપ પારણા, તા.૧૯ મે થાણા ટેમ્બિનાકા અચલગચ્છ ઉપાશ્રય ઉદ્‌ઘાટન, તા.૨૬ મે વિરાર અચલગચ્છ સંઘ ગીતા સ્મૃતિ ભવન ઉદ્‌ઘાટન, તા.૯,૧૦,૧૧ અને ૧૨ જૂનના મુલુંડ પૂર્વ સંઘમાં કુમારી યશ્વિબેન ગોસરની દીક્ષા, તા.૧૩ જૂનના રોજ મુનિશ્રી મેઘરક્ષિતસાગરજીની પ્રથમ પુણ્યતિથિએ કાર્યક્રમ, તા.૧૬ જૂન ચર્નીરોડ, તા.૧૪ જુલાઈ ચર્ની રોડ, સેન્ટ્રલ પ્લાઝામાં ચાતુર્માસ પ્રવેશ.



નોંધ : સંજોગવશાત વિહાર કાર્યક્રમમાં ફેરફાર થવાની શક્યતા છે. સંઘોએ પોતાનો કાર્યક્રમ બનાવતા પૂર્વે આઠ દિવસ અગાઉ જ સંપર્ક કરવો. દર્શન-વંદનાર્થે આવનારા સંઘો-ગુરૂ ભક્તોએ સંપર્ક કરી જાણકારી અવશ્યક મેળવી લેવી.

વધુ વિગત માટે સંપર્ક : રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦, અજય-૮૬૯૦૦૮૮૦૩૮.

# કચ્છ તેરા તીર્થે આયંબિલ ઓળીની આરાધના ભવ્યતાથી થઈ રહી છે



કચ્છ અબડાસાના તેરા તીર્થે આયંબિલ ઓળી પ.પૂ. સાધ્વીશ્રી વિરાગગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ખૂબજ ઉત્સાહભાવ સાથે ઉલ્લાસપૂર્વક ઉજવાઈ રહી છે. જિનશાસન તથા અચલગચ્છના અભ્યુદય માટે નવકાર પીઠિકાનું આયોજન પણ કરાયેલ છે. અહીં પધારેલ ભક્તો અને ગુરૂદેવપોના સંગાથે સંપૂર્ણ દિવસ રાતના અખંડ નવકાર જાપ ચાલી રહેલા છે.

સ્થાપના ૧૫ ઓગસ્ટ ૧૯૭૭

# શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી

**સંસ્કાર - સંપર્ક - સહયોગ - સેવા - સમર્પણ...**

કાર્યાલય : ૧, ધનંજય એપાર્ટમેન્ટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, રામનગર, ડોંબિવલી (પૂર્વ) - ૪૨૧ ૨૦૧. 77158 90505

**જ્ઞાતિ સંગઠન એજ જ્ઞાતિશક્તિ, જ્ઞાતિશક્તિ એજ જ્ઞાતિ વિકાસ**

## વ્યવસ્થાપક સમિતિ ૨૦૨૪ થી ૨૦૨૭

### પ્રમુખ



શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર)
93231 82653

### ઉપ પ્રમુખ/તંત્રી



શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા)
98201 05078

### માનદ્‌મંત્રી



શ્રી અનુજ ગીરીશકુમાર લોડાયા (રવા)
95797 87800

### સહ માનદ્‌મંત્રી



શ્રી ધવલ ઉમેશ ખોના (સાંધવ)
98204 26528

### ખજાનચી



શ્રી ભાવેશ રતીલાલ મોતા (કુઆપધર)
87794 38906

### સહ ખજાનચી



શ્રી અમિત જેઠાલાલ ખોના (નલીયા)
93217 05511

### કારોબારી સભ્ય



અ.સૌ. અર્ચના અમિત ખોના
(નલીયા) 93215 56194



અ.સૌ. ભાવના ભરત મોમાયા
(નલીયા) 91469 26353



શ્રી ધવલ હીરાચંદ પોલડીયા
(ડુમરા) 86928 87773



શ્રી ધીરેન વાલજી સોની
(વાંકુ) 88791 55051



શ્રી હંસકુમાર ચાંપશી નાગડા
(તેરા) 83691 39077



અ.સૌ. જીગ્ના વિજય છેડા
(સુજાપર) 93221 08768



શ્રી કલ્પેશ ત્રિકમચંદ દંડ
(લાલા) 98331 46047



શ્રી મનિષ પ્રવિણચંદ્ર કાંકણ
(સાંધાણ) 93221 32918



અ.સૌ. મનિષા હરેશ મોમાયા
(સાંયરા) 98337 32345



અ.સૌ. નેહલ વિકેશ ધરમશી
(કોઠારા) 96991 94917



શ્રી પરેશ મોતીચંદ ખોના
(નલીયા) 98209 40486



અ.સૌ. પ્રિયા દેવેન્દ્ર મોમાયા
(સાંયરા) 99675 46026



શ્રી રાકેશ અભય મૈશેરી
(મો.સિંધોડી) 72080 00294



શ્રી સાગર ચંદ્રકાન્ત ખોના
(રંગપુર) 87795 39628



શ્રી વિપુલ લખમશી મોમાયા
(સાંયરા) 98206 73716

# કોઠારા તીર્થે મોરલો શાંતિનાથ દાદાનાં દર્શને પહોંચ્યો



અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થે મુખ્ય જિનાલય પરિસરમાં એક નાનું સુંદર ૫૦૦ વર્ષ પ્રાચીન સોહામણું જિનાલય છે. જે જિનાલયમાં સંપ્રતિકાલીન ૨૩૦૦ વર્ષ પ્રાચીન શ્રી શાંતિનાથપ્રભુજી બિરાજમાન છે. જૂના શાંતિનાથ તરીકે ઓળખાતા આ જિનાલયે રાત્રે ૮ વાગ્યા પછી આરતી સમયે મોરલો દાદાનાં દરબાર અંદર પહોંચ્યો હતો.

મોટા ભાગે ડુંગરો, મંદિરોનાં શિખરો, ઉંચા ટાવરો તથા ઉંચા મકાનો ઉપર પોતાનાં સુરક્ષિત સ્થાને બેસતો મોર કોઠારાનાં જૂનાં શાંતિનાથ જિનાલયે રાત્રે આઠ વાગે આરતી સમયે ભંડારા ઉપર બેસી દાદાનાં દર્શન કર્યા હતા. મોર પક્ષી રાત્રિનાં ભાગે ઉંચાઇ વાળી જગ્યાએ જોવા મળે, પણ અહીં મોરલો રાત્રિનાં ભાગ્યે શાંતિનાથ પ્રભુજીનાં મંદિરમાં પ્રવેશી દાદાની સામે સ્થાન જમાવી,આરતી ઉતરી ત્યાં સુધી દાદાની સામે જોતો બેઠો રહ્યો હતો. ઉપસ્થિત ભાવિકોએ આ ક્ષણ ને વધાવી હતી. અને મોર પક્ષીને રાત્રિ સમયે જિન મંદિરમાં પ્રભુજી સામે બેઠેલો જોઇ ચમત્કારીક ઘટનાને મોબાઇલ ફોન કેમેરામાં ઝડપી હતી. અને ભાવિકો પણ ભાવવિભોર બન્યા હતા.

# શ્રી આદિનાથ ફ્રેન્ડસ ગ્રુપ ભારતનગર ગાંધીધામ દ્વારા શ્રી સિધ્ધાચલ છ ગાઉયાત્રા યોજાઈ



શ્રી આદિનાથ ફ્રેન્ડ્સ ગ્રુપ, ભારતનગર, ગાંધીધામ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી સિધ્ધાચલ છ ગાઉ યાત્રા તા. ૨૧,૨૨,૨૩ માર્ચ, ૨૦૨૪ દરમ્યાન યોજવામાં આવેલ જેમાં ૨ બસ દ્વારા નાના-મોટા ભૂલકાઓ સહિત ૯૬ યાત્રિકો એ જાત્રાનો લાભ લીધેલ. છ-ગાઉ યાત્રાની સાથે સાથે રસ્તામાં આવતા વિવિધ તીર્થો જેવા કે, કટારીયા તીર્થ, નાગેશ્વર પાર્શ્વનાથ રાજકોટ, અઢીદ્વીપ પાલીતાણા, ૫૨ જિનાલય સનેસ તીર્થ, ખંભાત તીર્થ તથા મણિલક્ષ્મી તીર્થ વિગેરે મધ્યે દર્શન-પૂજાનો લાભ લીધેલ. તેમજ રાત્રે પાલીતાણા મધ્યે સંગીતમય ભક્તિભાવનાનો પણ લાભ મળેલ.

યાત્રા પ્રવાસને સફળ બનાવવા માટે સ્વૈચ્છિક નકરા તેમજ વિવિધ દાતાશ્રીઓ નો સહકાર મળેલ. તદુપરાંત પ્રવાસ દરમ્યાન રૂા.૧૫૦ ની પ્રભાવના (સંઘપૂજન) કરવામાં આવેલ. ગ્રુપના દરેક સભ્યના અથાગ પ્રયત્નો થકી યાત્રા પ્રવાસ સફળ બન્યો. એવું શ્રી આદિનાથ ફ્રેન્ડસ ગ્રુપ ભારતનગર ગાંધીધામ વતીથી જીગર મૈશેરી દ્વારા જણાવવામાં આવેલ.

॥ શ્રી કુંથુનાથાય નમઃ ॥ ॥ શ્રી સુમતિનાથાય નમઃ ॥ 卐 શ્રી નેમિનાથાય નમઃ 卐 ॥ શ્રી અનંતનાથાય નમઃ ॥ ॥ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન દેરાસર – સિંધોડી
# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – મોટી સિંધોડી

ટ્રસ્ટ રજી. નં. A૧૦૦૮/કચ્છ–૧૫–૧૨–૧૯૬૫ • PAN No. AABTS0391R

## તા. ૧–૪–૨૦૨૪ થી તા. ૩૧–૦૩–૨૦૨૯ કાર્યકાળ માટે નુતન ટ્રસ્ટ બોર્ડ અને મહાજનના પદાધિકારી તથા કારોબારી સમિતી

### –: મેનેજીંગ ટ્રસ્ટી :–



શ્રી ચિમનલાલ લધુભાઈ લોડાયા - 098672 85195

### –: ટ્રસ્ટી :–



શ્રી તિલકભાઈ પ્રેમજી લોડાયા
099309 82061



શ્રી હરીશભાઈ પ્રવિણચંદ્ર મોમાયા
098202 85781



અ.સૌ. હર્ષાબેન ઉદયન લોડાયા
098692 48303



શ્રી ખુશાલભાઈ વેલજી મૈશેરી
098210 10625

### –: પ્રમુખ :–



શ્રી ભરતભાઈ લોડાયા
098207 50408

### –: ઉપ પ્રમુખ :–



શ્રી લહેરચંદભાઈ મૈશેરી
098331 56066

–: માનદ્ મંત્રી :–



શ્રી કિરણભાઈ પટેલ
070200 82562

–: માનદ્ મંત્રી :–



અ.સૌ. વીણાબેન મોતા
098707 54609

–: ખજાનચી :–



શ્રી પિયુષભાઈ લોડાયા
098204 78895

–: ખજાનચી :–



શ્રી ગૌતમભાઈ મૈશેરી
093222 55900


### –: કારોબારી સભ્યો :–



અ.સૌ. જ્યોત્સનાબેન મૈશેરી
098205 29555



શ્રી વિજયભાઈ મૈશેરી
073033 22277



શ્રી પિયુષભાઈ મોમાયા
084258 49993



શ્રી અપૂર્વભાઈ લોડાયા
098691 39827

**મુંબઈ કાર્યાલય :** C/o. શ્રી ચિમનલાલ લધુભાઈ લોડાયા (શાહ), સી/૧૦, નેમ વિહાર, બીજે માળે, મુરાર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**સ્થાનિક કાર્યાલય :** મુ.પો. મોટી સિંધોડી, તા. અબડાસા, જિ. કચ્છ-૩૭૦ ૬૪૦. ઈ–મેલ : shreemotisindhodimahajan@gmail.com

# કેનેડા વસતા જાણીતા અગ્રણી હેમંત શાહ લોડાયાની સલાહ કચ્છી ગુજરાતી છાત્રો હાલમાં કેનેડા જવાનું ટાળે



છેલ્લા કેટલાક વર્ષોથી કેનેડામાં મોટી સંખ્યામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ આવ્યા હતા તેના કારણે નોકરી અને રહેઠાણની સમસ્યા સર્જાતી હતી. કેનેડાની ફેડરલ સરકારે નવા નિયમો બનાવ્યા છે તેનાથી કેનેડા તરફ જવાના ધસારા પર નિયંત્રણ આવ્યું છે. અત્યારની પરિસ્થિતિ જોતાં ખાસ તો કચ્છી-ગુજરાતી વિદ્યાર્થીઓએ કેનેડા જવાનું ટાળવું જોઇએ. એવી સલાહ અહીં ૫૦ વર્ષથી સ્થાયી થયેલા મૂળ વરાડીયાના અને વિદ્યાર્થીઓના મદદગાર એવા હેમંત મૂલજી શાહ (લોડાયા) ગુંદરવાળાએ આપી છે.

કચ્છી માડુ શાહે એક મુલાકાતમાં જણાવ્યું કે કેનેડાની સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે નવા નિયમો દાખલ કર્યા છે. વિદ્યાર્થીઓને પ્રવેશ માટે રાજ્યોને સત્તા આપી છે. એટલે જે તે રાજ્ય સ્વીકૃતિ પત્ર આપશે પછી જ કેનેડા જઈ શકશે. પહેલાં ફી ભરતા યુનિવર્સિટી લેટર આપતી હતી. હવે રાજ્ય લેટર ઓફ એકસેપ્ટન્સ આપે પછી જ યુનિવર્સિટી લેટર આપશે. જેનાથી ધસારા પર અંકુશ આવશે.

હેમંતભાઇએ વિદ્યાર્થીઓને શીખ આપી છે કે, વિદ્યાર્થીએ કેનેડાથી શિસ્તના પાઠ શીખવા જોઇએ. અંગ્રેજી સારૂં બોલતાં અને વાંચતાં આવડવું જોઈએ બીજું, ભારતીય સંસ્કૃતિમાં ઉછેર થયો હોય જ્યાં માતા પિતા વિદ્યાર્થીઓને સહયોગ કરતા હોય છે જ્યારે કેનેડામાં બધું કામ જાતે કરવાનું છે. કેનેડામાં જોબ કરવાની છે એટલે સ્વદેશમાં પોતાના પિતાના ધંધા પર અથવા નોકરી કરીને કૌશલ્ય મેળવી લેવું હિતાવહ છે.

એમણે જણાવ્યું કે, ૨૦૧૬ સુધી વિદ્યાર્થીઓ કેનેડામાં આવ્યા છે. તેમનું લક્ષ્ય માત્ર અભ્યાસ પર હતું એ પછી ધ્યાનમાં આવ્યું છેકે ઘણાં વિદ્યાર્થીનું ધ્યાન ભણતર પર ઓછું પણ પીઆર કાર્ડ મેળવવા પર વધુ હોય છે. યુએસએમાં ત્યાંના નાગરિક થવા માટે ગ્રીન કાર્ડ છે તેવું કેનેડામાં પીઆર કાર્ડ છે.

ભારતની યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓને ભાષાકીય સમસ્યા ઓછી નડે છે. મિકેનિકલ કે કેમિકલ એન્જિનીયરીંગ, એમ.બી.એ. હેલ્થકેર કે ગ્રાફિક્સના વિદ્યાર્થીઓને ઓછી તકલીફ પડે છે, પણ ૧૨મું ભણીને કેનેડા જાય છે. તેમને અંગ્રેજી ભાષાની મુશ્કેલી નડે છે. કેનેડામાં અંગ્રેજી અને ફ્રેન્ચ આ બંને રાજભાષા છે.

નિયમોથી વિદ્યાર્થીઓના ધસારામાં ૩૦થી ૪૦ ટકા ઘટાડો થવાની ધારણા છે. અલબત્ત કેનેડામાં સ્થાયી થયેલા ભારતીય વિદ્યાર્થીઓએ નામ કાઢ્યું છે. કેનેડામાં મોટા ડોક્ટરો ભારતીય છે, કેનેડામાં ટોરેન્ટોમાં કચ્છીઓનું પ્રમાણ વિશેષ છે. બાકી વિનિપેગ, વેનકુંવર, મોન્ટ્રિયલ વગેરે શહેરોમાં કચ્છી-ગુજરાતીઓ વસવાટ કરે છે.

કેનેડામાં સ્થાયી હેમંત શાહ ત્યાંની સરકારમાં વગ ધરાવે છે અને મિસ્ટર ઇન્ડિયા કહેવાય છે.

---

## શ્રી ભલારાદાદા ભક્તિ મંડળ હૈદ્રાબાદ દ્વારા ભલારાદાદાના સમૂહ પાઠનું આયોજન

તા.૨૩ એપ્રિલ મંગળવાર ચૈત્રી સુદ પુનના દિને પ્રતિવર્ષાનુસાર પ્રમાણે આ વર્ષે પણ શ્રી ભલારાદાદા ભક્તિ મંડળ હૈદ્રાબાદ દ્વારા શ્રી ભલારાદાદાના સમૂહ પાઠ તથા પ્રસાદીનું આયોજન કચ્છી ભવન હૈદ્રાબાદ મધ્યે સાંજે ૬ કલાકે રાખવામાં આવેલ છે.

આ વર્ષના પાઠ તથા પ્રસાદીના લાભાર્થી પરિવાર માતુશ્રી ચંદ્રમણિબેન નવીનચંદ્ર દેવજી મોતા પરિવાર લાખાણીયા હસ્તે અ.સૌ.જયશ્રી જિગ્નેશ મોતા, પૂરવ તથા નિધિ તરફથી છે. ભલારાદાદાને નમતા ભાવિક પરિવારના સૌ સમયસર પધારવાનું આમંત્રણ શ્રી ભલારાદાદા ભક્તિ મંડળ હૈદ્રાબાદ તરફથી ભાવપૂર્વક અપાયું છે.

અનંતલબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ    શ્રી સીમંધર સ્વામિને નમઃ    શ્રી મહાકાલીકાયૈ નમઃ

પધારો... પધારો... પધારો...

ખાનદેશના પ્રવેશદ્વાર નાસિક નગરે

## શ્રી નાસિક કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સેવાભાવી સંસ્થા

નિર્માણાધીન

શ્રી મધુર-ભવ-મહાવિદેહ ધામ એવમ્ પુણ્યશ્લોકી શ્રી રાજેશભાઈ દામજી પોલડીયા સંકુલ ઉપાશ્રય શિલાન્યાસ

પ્રસંગે પધારવા

# સસ્નેહ આમંત્રણ

દિવ્ય કૃપા – આજ્ઞા – આશિષ

પ.પૂ.આ.ભ. શ્રી ગુણ–ગુણોદય–કલાપ્રભ–કવીન્દ્ર–વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

પાવન નિશ્રા

પ્રશમરસનિધિ – આગમ દિવાકર પ.પૂ. મહોદયસાગરસૂરિજી મ.સા. આદિ ઠાણા

શ્રમણી વૃંદ

પ.પૂ. સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજીમ.સા.

પ.પૂ. સા. શ્રી વિશ્વકીર્તિશ્રીજી મ.સા.

મંગલ મહોત્સવ

## મંગલ ઘડીઓ

ચૈત્ર વદિ ૫ સોમવાર

તા.૨૯–૪–૨૦૨૪

પાટલા પૂજન વિધિ પ્રારંભ – સવારના ૭.૦૦ કલાકે

અષ્ટમંગલ – શ્રીમતી તારાબેન લલિત વાલજી મોતા (સુથરી) નાસિક

દશદિક્પાલ – માતુશ્રી ભારતીબેન રાજેન્દ્ર ધનજી ધરમશી (સુથરી) વાપી

નવગ્રહ – માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા (કોઠારા) ચાલીસગામ વિદ્યાવિહાર

પ્રાસંગિક પ્રવચન – સવારે ૧૦.૦૦ કલાકે.

સાધર્મિક ભક્તિ – બપોરે ૧૧.૩૦ કલાકે.

જય જિનેન્દ્ર !......

આપ સહુને આમંત્રણ આપતાં અમ અંતર આનંદિત થઈ રહ્યું છે.
સહુ રોમે રોમ વિક્સ્વર થઈ રહ્યા છે.
નાસિક નગરીના પુણ્યવંતા શ્રાવક–શ્રાવિકાઓ જે ચાલીસ વર્ષ પહેલાં
સ્વપ્ન સેવ્યું હતું તે સ્વપ્ન સાકાર કરવાનો અપૂર્વ અવસર આંગણે આવી રહ્યો છે.
આવા રૂડા મંગલમય પ્રસંગે સાક્ષી બનવા આપ સહુ અવશ્ય પધારશોજી.

વિધિકાર – શ્રીમાન્ શ્રેણિકભાઈ ગાલા – મુંબઈ

સંગીતકાર – શ્રીમાન્ ભાવેશભાઈ શાહ – નાસિક વાળા પધારશે.

### જિનાલયના શિલાના લાભાર્થી

કૂર્મ – નંદા – ભદ્રા – મા. મધુરીબાઈ ભવાનજી લોડાયા
હ. મનિષ, હિતેશ (કોઠારા) ચાલીસગામ/વિદ્યાવિહાર

જયા – મા. જયવંતીબેન નવીનચંદ લોડાયા (બાંઢીયા)
મા. ઝવેરીબેન અભયચંદ લોડાયા – નાસિક

રિક્તા – મા. મિઠીબાઈ દેવશી કારા (ગોએરસમા) નાસિક

અજિતા – શ્રી મહેન્દ્રભાઈ કોરાભાઈ મોમાયા (બારોઈ) નાસિક

અપરાજિતા – ચિ. માહિર પ્રાચી પ્રેમ,
ચિ. મનન જલ્પા દિપેન લોડાયા (બાંઢીયા) / નાસિક

શુક્લા – મા. નિર્મળાબેન સુમતિચંદ લોડાયા (બારોઈ) નાસિક

સૌભાગિની – શ્રીમતી કલ્પનાબેન રમેશભાઈ ભાટે (રાપર ગઢવારી) થાણા

### ઉપાશ્રયની શિલાના લાભાર્થી

કૂર્મ શિલા – શ્રી રાજેશભાઈ દામજી પોલડિયા
(ગોએરસમા) નાસિક

અગ્નિ – શ્રીમતી તારાબેન લલિત મોતા (સુથરી) નાસિક

નૈઋત્ય – શ્રી જેઠાભાઈ કુંવરજી મુનવર
હ. સૌ. રશ્મિની શશીકાંત જીવાણી (જખૌ) નાસિક

વાયવ્ય – શ્રી બીપીનભાઈ,હરીશભાઈ દેવજી ધુલ્લા (સુથરી) નાસિક

ઈશાન – શ્રી ધીરેનભાઈ પદમશી લોડાયા
હ. રેખા ધીરેન (કોઠારા) નાસિક

નિમંત્રક

## શ્રી નાસિક કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન સેવા ટ્રસ્ટ

શ્રી નિલકંઠ રીવર વ્યુ એપાર્ટમેન્ટ, પંચવટી ફાર્મસી કોલેજ પાછળ,
ટકલે નગર,પંચવટી, નાસિક – ૪૨૨ ૦૦૩.

સંપર્ક સૂત્ર-

મધુર મોમાયા (પ્રમુખ) 94227 93063

મનિષ લોડાયા (ઉપપ્રમુખ) 98231 48851

દિપક લોડાયા (સેક્રેટરી) 99751 22080

# શ્રી અનંતનાથ જિનાલય ઘાટકોપરની ૭મી સાલગીરી નિમિત્તે ૮મી ધ્વજા રોહણ પ્રસંગે પંચાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડ તથા શ્રી ક.દ.ઓ.જી.વી.સી.જૈન સંઘ ઘાટકોપર આયોજિત ઘાટકોપરના શ્રી અનંતનાથ જિનાલયની ૭મી સાલગીરી નિમિત્તે ૮મી ધ્વજા રોહણ પ્રસંગે તા.૧લી મે બુધવાર થી તા.૫ મે રવિવારના પંચાન્હિકા મહોત્સવના અને કાર્યક્રમમાં સર્વ જ્ઞાતિજનોને પધારવા સહૃદયપૂર્વક આમંત્રણ છે.

શુભ નિશ્રા અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિની પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ની શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સિધ્ધિ વર્ષાશ્રીજી મ.સા. આદિ ઠાણા તથા યતીવર્યશ્રી મોતીસાગરજી મહારાજ સાહેબ

પ્રથમ દિવસ તા.૧મે બુધવારના સવારે ૯ કલાકે અઢાર અભિષેક મહાપૂજન, વિધિકાર સુરેશ સોની અને સાથી કલાકારો.

દ્વિતીય દિવસ ગુરૂવાર તા.૨જી મે સવારે ૯ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા અનંતછાયા મહિલા મંડળ ભણાવશે.

તૃતીય દિવસ શુક્રવાર તા.3મે સવારના ૭ કલાકે ભવ્ય સ્નાત્ર મહોત્સવ શ્રી ક.દ.ઓ.જી.વી.સી.જૈન સંઘ ઘાટકોપર ભણાવશે. રાત્રે ૮ કલાકે શ્રી મહાકાળી માતાજીની ભાવના હંસકુમાર મૈશેરી અને સાથી કલાકારો.

ચતુર્થ દિવસ શનિવાર તા.૪મે સવારના ૮.૩૦ કલાકથી સતરભેદી પૂજા. બાદ શુભ મુહૂર્તે ધ્વજારોહણ શ્રી અનંતનાથ દાદાના લાભાર્થી માતુશ્રી માંકબાઈ લક્ષ્મીચંદ સોની અને નયનભાઈ જયંતિલાલ વિકમશી જખૌ, શ્રી આદિનાથ દાદાના લાભાર્થી માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી રાપર ગઢવારી. શ્રી મુનિસુવ્રત દાદાના લાભાર્થી મુલજીભાઈ રાઘવજી લોડાયા સાંઘવ. વિધિકાર સુરેશ સોની અને સાથી કલાકારો સાંજે ૭.૩૦ કલાકે શ્રી અનંતનાથ ભગવાનની ભક્તિ ભાવના અને મહાઆરતી.

પંચમ દિવસ તા.૫મે રવિવાર સવારે ૮.૩૦ કલાકેથી અનંતનાથ દાદાના જન્મ કલ્યાણક નિમિત્તે શ્રી નમીઊણ મહાપૂજન, વિધિકાર નિખિલ હરિયા અને સાથી કલાકારો. લાભાર્થી શ્રી ક.દ.ઓ.જી.વી.સી.જૈન સંઘ ઘાટકોપર.

નોંધ : ૧૮ અભિષેક માટે એક અભિષેકના નકરા બુધવાર તા.૧લી મે ના રૂા.૨૫૦૦ લેખે વહેલા તે પહેલાના ધોરણે નામ લેવામાં આવશે અને લક્કી ડ્રોથી અભિષેકના નંબર આપવામાં આવશે. સંપર્ક સંજય અજાણી-૯૮૨૧૦૧૫૦૨૦, રાજેશ લોડાયા-૯૩૨૩૦૩૦૧૪૯.

---

# સચ્ચાઈ માતાની તૃતીય સમૂહ પહેડીનું તા.૨૭ એપ્રિલના મુલુંડ મધે આયોજન

શ્રી ક.દ.ઓ.જૈન મહાજનના સચ્ચાઈ માતાને નમતા સર્વે ભાવિકોની તૃતીય સમૂહ પહેડીનું આયોજન તા.૨૭ એપ્રિલ શનિવારના બપોરે ૪ વાગ્યાથી આર.આર.સભાગૃહ, મ્હાડા કોલોની, મુલુંડ ઈસ્ટ મધે કરવામાં આવેલ છે. પહેડી પ્રસાદનો લાભ લેવાનું ભાવભર્યું આમંત્રણ શ્રી સમસ્ત ક.દ.ઓ.સચ્ચાઈ પરિવાર તરફથી અપાયું છે.

પહેડીમાં આપ શરૂઆતથી સહયોગી દાતા બની સહકાર્ય કરી રહ્યાં છે. તેની અનુમોદના કરીએ છીએ અને આ વરસે પણ સહયોગી દાતા બની સહયોગ આપશો તેવી આશા રાખીએ છીએ, નકરો રૂા.૧૧ હજાર છે. તે ઉપરાંત મુખ્ય દાતાનો લાભ લઈ શકો છો. સંપર્ક સંદીપ લોડાયા-૯૮૬૭૧૬૭૩૮૭, વિરેન્દ્ર લોડાયા-૯૮૨૧૦૭૩૮૩૦.

કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે સાંજે ૫ કલાકે પહેડી પ્રસાદ, સાંજે ૬ કલાકે મહાપ્રસાદ-ભોજન, સાંજે ૭.૪૫ કલાકે થાળ, રાત્રે ૮.૩૦ કલાકે મહાઆરતી, ભક્તિ સંગીત કાર્યક્રમ ડખારો, એન્ટરટેન્ટમેન્ટના મિલન લોડાયા અને સાથી કલાકારો પ્રસ્તુત કરશે. કાર્યક્રમ સ્થળે વેલે પાર્કિંગ ઉપલબ્ધ રહેશે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ ||

તા. ૨૭-૦૪-૨૦૨૪ શનિવાર સાંજે ૪.૦૦ વા. • સ્થલ : આર. આર. સભાગૃહ, મ્હાડા કૉલોની, મુલુંડ (ઈસ્ટ)

# શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ પરિવાર

આયોજીત

## શ્રી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી - ૨૦૨૪

તા. ૨૭-૦૪-૨૦૨૪ શનિવાર સાંજે ૪.૦૦ વા. • સ્થલ : આર. આર. સભાગૃહ, મ્હાડા કૉલોની, મુલુંડ (ઈસ્ટ)

## શ્રી સચ્ચાઈ માતાજીના પહેડીના લાભાર્થી પરિવારો

• નૈવેદ્ય (પહેડી) જુહારવાના લાભાર્થી •

**એક સદ્‌ગ્રહસ્થ**

• માતાજીની મૂર્તિને તેડી આવવાના લાભાર્થી •

માતુશ્રી રસિલાબેન માણેકજી લોડાયા પરિવાર (સાંધવ-મુલુંડ)

• માતાજીની છબીને તેડી આવવાના લાભાર્થી •

માતુશ્રી વિજયાબેન કુંવરજી હરશી લોડાયા (રાપર-ભાંડુપ)

• માતાજીને પોંખવાના લાભાર્થી •

માતુશ્રી હંસાબેન હીરાચંદ અરજણ પટેલ (બાંડીયા-ઐરોલી)

• માતાજીને ફુલહાર પહેરાવવાના લાભાર્થી •

માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા પરિવાર (સાંધવ-મુલુંડ)

• માતાજીને ચુંદડી ઓઢાડવાના લાભાર્થી •

અ.સૌ. કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર (સાંધવ-મુલુંડ)

• પુજામાં બેસવાના લાભાર્થી •

શ્રી તનય નિલેશ દંડ (સાંધવ)

માતુશ્રી પ્રભાવંતીબેન મુલજી લોડાયા (ભરૂડીયા - મુલુંડ)

• માતાજીને ચાંદીનો છત્ર ચડાવવાના લાભાર્થી •

માતુશ્રી સુશીલાબેન મણીલાલ કુંવરજી દંડ (બાંયઠ)

• માતાજીને આભૂષણ પહેરાવવાના લાભાર્થી •

માતુશ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા હસ્તેઃ રિતેશ (સાંયરા)

• ધૂપ-દિપના લાભાર્થી •

ધુલ્લા પરિવાર સાંધાણ ગામે માતાજીને નમતા ભાવિકો

• માતાજીના થાળના લાભાર્થી •

અ.સૌ. રશ્મિબેન પ્રતાપ ચાંપશી લોડાયા (તેરા-મુલુંડ)

• માતાજીની આરતીના લાભાર્થી •

માતુશ્રી હિરાબેન કાનજી વિરમ લોડાયા હસ્તેઃ વિર-પરમ-મેહાન (સુથરી-માટુંગા)

**સર્વે લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના સહ આભાર...**

-: સંપર્ક :-

સંદીપ લોડાયા – 98671 67387 વિરેન્દ્ર લોડાયા – 98210 73830

# શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ પરિવાર

આયોજીત

